ગાંધીનગર સમાચાર

ગાંધીનગર નાગરીક બેંકમાં
ઈડીનું સર્ચ ઓપરેશન

# જિલ્લાની ૧૧૬ પંચાયતોના પરિણામો જાહેર

## ગાંધીનગરની ૩૬, દહેગામની ૫૫, માણસાની ૧૩ અને કલોલની ૧૨ પંચાયતોના ચૂંટણી પરિણામ જાહેર





ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની સામાન્ય ચૂંટણી માટે મતદાન બાદ આજે હાથ ધરાયેલા મતગણતરીની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલતાં સમર્થકોની ભારે ભીડ આઈ.આઈ.ટી.ઈ.ખાતે જોવા મળતી હતી. જિલ્લાના ૧૧૬ જેટલી પંચાયતોના પરિણામ મોડી સાંજ સુધીમાં જાહેર થયા હતા.

પંચાયતના ૨૦ જેટલા ચૂંટણી અધિકારીઓ દ્વારા આજે સવારે નવ વાગ્યે મતગણતરીની કામગીરી શરૂ થઈ હતી અને પમરથમ પરિણામ ૨.૩૦ કલાક બાદ ચેખલારાણીનું આવ્યું હતું. જેમાં ઉમેદવાર ૧૫ મતે વિજયી થયેલ હતા. આ પછી ગણતરીની કામગીરીમાં થોડીક ગતિ જરૂર આવી હતી પરંતુ ત્રણ વાગ્યા સુધીમાં ૨૦ જેટલા જ ગામોની ગણતરી સંપન્ન થઈ હતી.

મતગણતરીદારોની સંખ્યા પણ ઓછી પડી હોવાનું ચર્ચાઈ રહ્યું હતું. પહેલાં વૉર્ડની ગણતરી કરવામાં આવતી હતી અને પછી સરપંચની મતગણતરી હાથ પર લેવામાં આવતી હતી.

વૉર્ડના ઉમેદવારોની સંખ્યાને કારણે પણ મતગણતરીમાં વિલંબ થતો જણાયો હતો. એકવીસમી સદીની વાતો સાથે મતપત્રકો સાથે યોજાયેલ આ મતગણતરીમાં મતપત્રકો છૂટા પાડવા, પછી વૉર્ડવાર ગોઠવવા અને ગણતરી કરવામાં જ સારો એવો સમય પસાર થયો હતો.

ગાંધીનગર તાલિકા જેવી જ સ્થિતિ દહેગામમાં પણ જોવા મળી હતી. માણસા અને કલોલમાં પણ મતગણતરીમાં ભારે મતદાનને કારણે સમય વધુ લાગતો હોવાનું જાણવા મળેલ છે.

મોડી સાંજે જિલ્લાની ૧૧૬ જેટલા પંચાયતોના પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં ગાંધીનગરની ૩૬, દહેગામની ૫૫, માણસાની ૧૩ અને કલોલની ૧૨ જેટલી પંચાયતોનો સમાવેશ થાય છે.

રાજકીય કાર્યકરોમાં ચાલતી ચર્ચા મુજબ મતગણતરીનું કામ વહેલી સવાર સુધી ચાલશે. ઉનાવા ગામની મતગણતરી જ નવ કલાક જેટલો સમય ચાલી હતી. મોટા ગામોની મતગણતરીમાં વધારે સમય જઈ રહ્યો છે.

જિલ્લાના કલેક્ટરશ્રી સતીષ પટેલે પણ આજે સવારે અને સાંજે મતગણતરી સ્થળની મુલાકાત લઈ કર્મચારીઓને ગણતરી માટે જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

આજે જાહેર થયેલ પરિણામોમાં કોંગ્રેસ તરફી ઝુકાવ લોકોનો વધુ જણાયો હતો. જો કે ભાજપ તરફી ઉમેદવારોનો પણ વિજય થવા પામ્યો છે.




આપના પ્રેમનો પ્રતીક એટલે જ...
શ્રી લાલઘર પાન પાર્લર
૪૩/૬, ચીપ ટાઈપ શોપીંગ, સેક્ટર-૨૩, ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૪૪૮૪૨

આપનો વિશ્વાસ એટલે જ
શ્રી બંસીઘર મોબાઈલ સ્ટોર્સ
૪૩/૪, ચીપ ટાઈપ શોપીંગ, સેક્ટર-૨૩, ગાંધીનગર
મો. ૯૮૨૫૦ ૪૪૮૪૨

## સરઢવમાં ઉષાબેન વિજયી અને કોબામાં યોગેશભાઈ પુનઃ વિજયી થયા

ગાંધીનગર, તા.૨૯

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં આજે કેટલાક પરિણામો નોંધનીય આવ્યા છે. સરઢવમાં જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના પૂર્વ ચેરમેન ઉષાબેન પટેલ ચતુષ્કોણીય જંગમાં વિજેતા બન્યા છે.

રાંદેસણ ગ્રામ પંચાયતમાં જાણીતા એડવોકેટ અજીતસિંહ ગોહિલનો પરાજય થયો છે. જિલ્લામાં ૯૭ જેટલી મહિલા સરપંચો નવા નિયમને પગલે બનશે.

આ ચૂંટણીમાં કોબામાં યોગેશભાઈ નાયી બીજીવાર વિજેતા જાહેર થયા છે જ્યારે રાયપુર ગામે સરપંચની ચૂંટણીમાં ટાઈ પડતાં ચકચાર મચી જવા પામી હતી.

## મતપેટીઓમાંથી ચિઠ્ઠીઓ પણ મળી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાની પંચાયતોની ચૂંટણીમાં આજે મતગણતરી દરમિયાન ત્રણથી ચાર ચીઠ્ઠીઓ મતદારો દ્વારા નાખવામાં આવી હતી. જેમાં નોટબંધીનો વિરોધ, એરંડાના પોષણક્ષમ ભાવ નહિ મળવા સામેનો રોષ, પંચાયતની વહીવટી પ્રથામાં ગુંચવણો ઉભી કરવાની વાત તેમજ દૂધના ભાવ વધારા અંગેની વાત લખી હતી.

સરઢવ ગામની મતપેટીમાંથી નીકળેલી ચિઠ્ઠીમાં નોટબંધીના વિરોધની સાથે સાથે પંચાયતની વહીવટીય પ્રથાને ગુંચવણભરી બનાવવા સામે રોષ વ્યકત કરી જણાવ્યું હતું કે ના છુટકે મત આપવો પડી રહ્યો છે. કલ્યાણ રાજયની કલ્પનાને ઠેસ પહોંચી છે. આ જ ચિઠ્ઠીમાં નોટબંધીનો વિરોધ કરતા લખ્યું છે કે ગાંધી મરી ગયા અને મારતા ગયા...

બીજા એક ગામમાં નીકળેલી ચીઠ્ઠીમાં એરંડાના પોષણક્ષમ ભાવ ન મળતાં નોટાને મત આપવા મજબુર બન્યો છું એવું લખ્યું હતું.

તો અન્ય એક ચિઠ્ઠીમાં દૂધના ઉત્પાદકોને તેમના દૂધના પૈસા જ સમયસર નહિ મળતા હોવાની ફરિયાદ સાથે પોષણક્ષમ ભાવની પણ માંગ કરવામાં આવી છે.

આ મતગણતરીમાં મળેલી રસપ્રદ ચિઠ્ઠીઓ છે.




### ઝેરોક્ષ મશીન જોઈએ છે

જીયુડીસી લિ. કચેરી ઉદ્યોગભવન, ગાંધીનગર ખાતે ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગ કામગીરી માટે અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ મુકવા, રસ ધરાવતી ગાંધીનગર/અમદાવાદ સ્થિત એજન્સીઓએ કંપનીનું નિયત ભાવપત્રક **તારીખ ૦૭/૦૧/૨૦૧૭** સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતી.

**ટેલીફોન નં.:** ૨૩૨૪૧૮૬૫-૬૬, ૨૩૨૪૬૧૨૭-૨૮

CIN No.: U75140GJ1999SGC036051 વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)

# કયા ગામમાં કોણ સરપંચ બન્યું

### ગાંધીનગરના વિજેતા સરપંચો

| | |
|---|---|
| અમીયાપુર | માણેકજી ઠાકોર |
| કાકાનું તારાપુર | હિતેશ બારોટ |
| જમીયતપુરા | જ્યોત્સનાબેન એચ. પટેલ |
| પુન્દ્રાસણ | બળદેવજી ઠાકોર |
| મોતીપુરા (સા) | નીરૂબેન પટેલ |
| વાંકાનેરડા | વંદનાબેન પટેલ |
| સોનારડા | ચંદ્રિકાબેન પટેલ |
| સોનીપુર | મંજુલાબેન ઠાકોર |
| અંબાપુર | સુરેશ ઠાકોર |
| આલમપુર | સૂર્યાબેન સોલંકી |
| ગિયોડ | કોદીબેન પટેલ |
| ધણપ | મોલાજી ઠાકોર |
| મહુન્દ્રા | આશાબેન ઠાકોર |
| માધવગઢ | શારદાબેન રાઠોડ |
| બિમ્બડીયા | હર્ષદ પટેલ |
| ઉનાવા | સંગીતાબેન પિયુષભાઈ પટેલ |
| ચેખલારાણી | શારદાબેન ઠાકોર |
| તારાપુર | ગૌરીબેન ઠાકોર |
| જલુંદ | જ્યોત્સનાબેન ઠાકોર |
| કાનપુર | બળદેવભાઈ પટેલ |
| વિરાતલાવડી | મંજુલાબેન પરમાર |
| ઉનાલા | સંગીતાબેન પી. પટેલ |
| આદરજ મોટી | રાજીબેન ઠાકોર |
| અમીયાપુર | રંજનબેન પટેલ |
| ભોંયણ રાઠોડ | કૈલાસબેન પટેલ |
| ચંદ્રાલા | તેજલબેન મકવાણા |
| દંતાલી | પશીબેન ઠાકોર |
| ગલુદણ | બળદેવજી ઠાકોર |
| ઈસનપુર મોટા | રમણભાઈ પટેલ |
| જાખોરા | કમલેશકુમાર કોદરભાઈ પટેલ |
| સરઢવ | ઉષાબેન પટેલ |
| કોબા | યોગેશભાઈ નાયી |
| રાદેસણ | પોપટસિંહ ગોહિલ |
| દશેલા | (રીકાઉન્ટીંગની માંગણી) |
| ટીંટોડા | ચેતનાબેન ઠાકોર |
| પ્રાંતિયા | જશીબેન |
| પોર | કાનાજી ઠાકોર |

### દહેગામના વિજેતા સરપંચો

| | |
|---|---|
| પહાડિયા | મંજુલાબેન જે. મકવાણા |
| ડુમેચા | લક્ષ્મણભાઈ ઠાકોર |
| મોરલી | શિવાજી બી. ઝાલા |
| સલકી | રમીલાબેન ઠાકોર |
| અરજણજીના મુવાડા | ---- |
| આંગોલી | સુરજબેન સોલંકી |
| ડબોળ | નાથુસિંહ ઝાલા |
| આમરા | સુરેશભાઈ ચૌધરી |
| મીઠાના મુવાડા | દલપતસિંહ ઝાલા |
| મોતીપુરા મહુડિયા | પ્રભાતસિંહ રાઠોડ |
| વાસણા ચૌધરી | કોદરભાઈ આર. પટેલ |
| અહમદપુર | સીતાબેન ઠાકોર |

### કલોલના વિજેતા સરપંચો

| | |
|---|---|
| અડાણા | મનશીબેન ઠાકો |
| દંતાલી | લક્ષ્મીબેન ઠાકોર |
| નવવા | વિશ્વજીતસિંહ વાઘેલા |
| ભીમાસણ | કાંતિજી ઠાકોર |
| આમજા | અંબાલાલ ચૌધરી |

### માણસાના વિજેતા સરપંચો

| | |
|---|---|
| અંબોડ | અજયસિંહ ચાવડો |
| આનંદપુર (અ) | કલાબા ચાવડા |
| લિંબોદ્રા | રણજીતસિંહ વાઘેલા |

# મહાત્મા મંદિરના ટર્ફ પર પ્રધાનમંત્રી દેશ વિદેશના સીઈઓ સાથે ડિનર ડિપ્લોમસી કરશે

## સોલ્ટ માઉન્ટને ઝેડ સ્પ્રે કરવા માટે મુંબઇની ટીમ કામે લાગી : ટોચ સુધારણા અન્વયે સ્કાઇ લાઇટ ડોમનુ પણ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૨૯

આગામી વાઈબ્રન્ટ સમિટમાં આવનારા મહાનુભાવોના ઓવારણા લેવા તંત્ર રાત દિવસ તૈયારીમાં વ્યસ્ત છે. સમિટ જયાં યોજાવાની છે તેવા મહાત્મા મંદિરના સ્થળે પણ સજાવટની કામગીરી ચાલી રહી છે. હાલ સોલ્ટ માઉન્ટની સફાઈ તેમજ ઝેડ સ્પ્રે કરવા માટે મુંબઈની ટીમ કામે લાગી છે. પ્રધાનમંત્રીના સુચન મુજબ સોલ્ટ માઉન્ટની ટોચમાં પણ સુધાર કરવામાં આવ્યો છે. આગામી તા ૧૦ જાન્યુઆરીના રોજ પી એમ મહાત્મા મંદિરના ટર્ફ પર દેશ વિદેશની કંપનીઓના સી ઈ ઓ સાથે ડિનર પણ લેશે.

નગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તડામારા તૈયારીઓ ચાલી રહી છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવાનુ કામ જોરશોરથી ચાલી રહયુ છે. જેમાં પી એમ સહીત મહાનુભાવોના રૂટને શણગારવા સહીત સુરક્ષાના મુદ્દે જરૂરી પરિબળો ચકાસવામાં આવી રહયા છે. મહાનુભાવોના રૂટમાં સુશોભન અને સલામતીના મામલે પગલા લેવાઈ રહયા છે. જયારે વાઈબ્રન્ટ સમિટ જયાં યોજાવાની છે તેવા મહાત્મા





મંદિરમાં પણ જોરશોરથી કામ ચાલી રહયુ છે. હાલ સોલ્ટ માઉન્ટની સફાઈ તેમજ ટોચની સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. જેમાં મુંબઈથી આવેલી ખાસ ટીમ દ્વારા સોલ્ટ માઉન્ટને ઝેડ સ્પ્રે કરવામાં આવી રહયો છે. અગાઉ વર્ષ ૨૦૧૫ દરમિયાન પી એમ એ સોલ્ટ માઉન્ટની ટોચમાં સુધાર કરવા સુચન કર્યુ હતુ. જેને અનુલક્ષી કામગીરી હાથ ધરાઈ છે. સ્કાઈ લાઈટ ડોમ પણ ફીટ કરી દેવાયો છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન ૧૫ હજારથી વધુ મહાનુભાવો મહાત્મા મંદિરની મુલાકાત લેશે. જયારે તા ૧૦ જાન્યુઆરીના રોજ રાત્રિના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મહાત્મા મંદિરના ટર્ફ પર ડિનર લેશે આ ડિનર ડિપ્લોમસીમાં દેશ વિદેશની કંપનીઓના સી ઈ ઓ પણ ભાગ લેશે.

# ગાંધીનગર નાગરીક બેંકમાં ઈડીનું સર્ચ ઓપરેશન

## નોટબંધીના નિર્ણય બાદ થયેલ તમામ ટ્રાન્ઝેકશનની વિગતો મેળવી શંકાસ્પદ દસ્તાવેજોની ચકાસણી કરાઈ : સીસીટીવી ફુટેજ મેળવ્યા : અમદાવાદથી ત્રાટકેલા ૨૫ અધિકારીઓની ટીમનું મોડી રાત સુધી સર્ચ ઓપરેશન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સે-૧૬ ખાતે આવેલી ધી ગાંધીનગર નાગરિક કો-ઓપરેટીવ બેંક લીમીટેડમાં આજે સમી સાંજે અમદાવાદના ઈડીના ૨૫ અધિકારીઓએ દરોડો પાડી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. નોટબંધીના નિર્ણય બાદ આ બેંકમાં થયેલી નાણાંકીય લેવડ દેવડની ઝીણવટભરી તપાસ કરી રહ્યા છે.

ધી ગાંધીનગર નાગરીક કો. ઓપરેટીવ બેંક લી.ના વ્યવસ્થાપક મંડળમાં ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોના હોદ્દેદારો છે. આ બેંકમાં નોંટબંધીના નિર્ણય બાદ કેટલાક આર્થિક વ્યવહારોની ફરિયાદ થવા પામી હતી. ફરિયાદોના પગલે આજે અમદાવાદથી સાત ગાડીઓમાં ૨૫ જેટલા અધિકારીઓ ગાંધીનગર આવી પહોંચ્યા હતા. ઈડીના અધિકારીઓએ આ બેંકમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

૮મી નવેમ્બર બાદની રોકડ સ્થિતિની ચકાસણી કરી હતી. પાંચ-દસ લાખથી વધુ જુની નોટો જમા થઈ હોય તેવી બધી જ એન્ટ્રીઓની નોંધ લીધી હતી.

નોટબંધીના નિર્ણય બાદ આ બેંકમાં થયેલી તમામ આર્થિક લેવડ દેવડની વિગતો મેળવ્યા બાદ ઓળખપત્રોની ચકાસણીનું કામ શરુ કરવામાં આવ્યું હતું ત્યારે બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન તથા અન્ય એક ડિરેકટર અને બેંકના કાયદાકીય અધિકારી હાજર રખાયા હતા. મળતી માહિતી મુજબ મોડીરાત સુધી સર્ચ ઓપરેશન ચાલુ રહ્યું હતું. મહિલા કર્મચારીઓને મોડી સાંજે રજા અપાઈ હતી. ત્યારબાદ બેંકના હોદ્દેદારોને પણ જવા દેવાયા હતા. બેંક અધિકારીઓ અને ઈડીના અધિકારીઓની મોડી સાંજ સુધી આર્થિક લેવડદેવડની મોટી એન્ટ્રીઓની વિગતો ચકાસી હતી.

બેંકના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલે ગાંધીનગર સમાચાર સાથે વાત કરતા જણાવ્યુંહતુંકે, નોટબંધી બાદની આ રૂટીન ચકાસણી છે. કોઈ ગંભીર વિગતો કે ગંભીર આક્ષેપો છે નહિ. સરળતાથી ચકાસણી ચાલી રહી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com